બંધને પગલે જિલ્લા પોલીસ હાઈ એલર્ટ

શાળા-કોલેજો બહાર તથા સર્કલે-સર્કલે સવારથી જ પોલીસ સ્ટેન્ડ ટુ રહેશે : કોંગ્રેસના તમામ આગેવાનો કાર્યકરો પર વોચ રખાશે

ગાંધીનગર, તા.૫

કોંગ્રેસ પક્ષ દ્વારા આપવામાં આવેલા ગુજરાત બંધના એલાનને પગલે ગાંધીનગર જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ગાંધીનગર જિલ્લા પોલીસને એલર્ટ આપી દેવામાં આવ્યું છે. પોલિસ જિલ્લાની તમામ શાળા-કોલેજો, પંટ્રોલ પંપો સહિત સર્કલે-સર્કલે સ્ટેન્ડ ટુ રહેશે અને કોંગ્રેસના તમામ આગેવાનો-કાર્યકરો પર વોચ પોલીસ રાખશે.

જે લવાસ ભોગવી રહેલા ડી.આઈ.જી. કક્ષાના આઈ.પી.એસ. અધિકારી ડી.જી. વણઝારાએ જારી કરેલ રાજીનામા પત્ર બાદ મોદી સરકારની ગુનાહીત માનસીકતા અને કાવતરાનો અસલ ચહેરો ખુલ્લો પાડવા કોંગ્રેસ પક્ષ દ્વારા દ્વારીએ ગુજરાત બંધનું એલાન જારી કરવામાં આવ્યું છે. જેને કારણે કોંગ્રેસ સજજડ બંધ કરાવવાના મુડમાં હોવાના સંકેત મળતા રાજયભરમાં પોલીસ દ્વારા સજજડ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા પણ જિલ્લાભરમાં ચાંપતો બંદોબસ્ત રાખવામાં આવશે. જિલ્લા પોલીસને હાઈ એલર્ટ આપી દેવામાં આવ્યુ છે. ગાંધીનગરની તમામ શાળા-કોલેજો બહાર પોલીસની ટીમો તૈનાત રહેશે. તે ઉપરાંત વિવિધ સર્કલો પર પણ પોલીસ ગોઠવી દઈ કોંગ્રેસના કાર્યકરો-આગેવાનો પર સતત વોચ રાખવામાં આવશે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસનું સઘન પેટ્રોલીંગ રહેશે.

સરગાસણ કન્સ્ટ્રકશન સાઈટ પરથી સ્પેકટેકલ કોબ્રા પકડી લેવાયો

સાઈડ પર કામ કરતા મજૂરોને ભોંયરામાં સાપ દેખાયો

ગાંધીનગર, તા. ૫

સરગાસણ સ્થિત કન્સ્ટ્રકશન સાઈટ પર આજે સવારે કોબ્રા સાપે દેખા દીધી હતી. સાઈટ પર મજૂરો કામ કરતા હતા ત્યારે અચાનક જ સાપ ધ્યાનમાં આવતા સ્નેક કેચર્સને જાણ કરવામાં આવી હતી. સ્નેકલવર જીજ્ઞેશ જોષીએ સ્પેકટેકલ કોબ્રાને પકડીને સલામત સ્થળે છોડી દીધો હતો.

સરગાસણ સ્થિત સુપરા કન્સ્ટ્રકશન સાઈટમાં આજે સવારે ૧૦.૪૫

વાગ્યાના અરસામાં કોબ્રા સાપે દેખા દેતા સાઈટ પર કામ કરતા મજૂરોમાં દોડધામ મચી જવા પામી હતી. આ અંગે નગરના સેવાભાવી સ્નેકકેચર્સ જીજ્ઞેશ જોષીને જાણ કરવામાં આવતા તેમણે સ્થળ પર પહોંચી સ્પેકટેકલ (ચશ્મેશાહી) ઝેરી કોબ્રા સાપને પકડી લીધો હતો. શ્રાવણ મહીનાના છેલ્લા દિવસે નાગદાદાએ દર્શન દેતા આ બાબતને ધાર્મિક શ્રદ્ધા સાથે પણ જોડી દેવામાં આવી હતી. કન્સ્ટ્રકશન સાઈટ પર લાઈટ ન હોવાથી વિખરાયેલા સામાન વચ્ચે સાપ પકડવાનું કામ મુશ્કેલ બન્યું હતું. જ્યારે કન્ટેઈનર પણ ઉપલબ્ધ ન હોવાથી સાપને પકડીને પુરવામાં પણ પરેશાની વેઠવી પડી હતી. સ્નેકલવર્સ જીજ્ઞેશ જોષીના જણાવ્યા મુજબ શહેરમાં છેલ્લા બે વર્ષથી કોબ્રા વધુ જોવા મળે છે. જ્યારે રસેલ વાઈપર (ખડચિત્રો) કેઈટ (કાળોતરો) પણ જોવામાં આવે છે. શહેરમાં ઘણા-ખરા સ્નેકકેચર્સ સાપ પકડવા માટે હવે ફી ચુકવવી પડે છે. ત્યારે નિઃશુલ્કે સેવા આપતા સ્નેકકેચર્સને જરૂરી કન્ટેઈનરની સુવિધા ઉબલબ્ધ થવી જોઈએ તેવી લાગણી પણ તેમણે વ્યકત કરી છે.

પાણી શુધ્ધિકરણનો પ્લાન્ટ અપગ્રેડ કરવા વિચારણા

ડહોળુ પાણી પીવાલાયક : ફીલ્ટર બેડમાં પાણી વધુ સમય સ્ટોર કરવું પડતું હોવાથી ફોર્સ ઘટયો છે!

ગાંધીનગર, તા.૫

શહેરમાં છેલ્લા એક સપ્તાહથી નળમાંથી ડહોળુ પાણી આવતું હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. પાણીની ગુણવત્તા સામે સવાલો મંડરાયા છે. બીજી તરફ આ પાણી પીવાલાયક હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. જ્યારે ડહોળા પાણીને શુદ્ધ કરવા ફીલ્ટર બેડમાં પાણી વધુ સમય સ્ટોર કરવું પડતું હોવાથી કેટલાક ઠેકાણે પાણીનો ફોર્સ ઘટયો હોવાનું ધ્યાને આવ્યું છે. આ મામલે બે દિવસ પૂર્વે આ મામલે પાણી વિભાગના ઉચ્ચ અધિકારીઓની બેઠક પણ યોજવામાં આવી હતી. ડહોળા પાણીની સમસ્યા હજી ૧૫ દિવસ રહેશે.

નર્મદા મુખ્ય ડેમ ઓવરફલો થતા નર્મદા કેનાલમાં પાણીનું સ્તર વધવાથી માટીના લીધે ડહોળા પાણીની સમસ્યા વકરી છે પરંતુ નળમાંથી આવતું ડહોળું પાણી શુધ્ધ હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. અલબત્ત શુધ્ધિકરણ બાદ જ પાણી સપ્લાય થતું હોવાથી પાણી પીવાલાયક હોવાનું જણાવાયું છે. કેનાલમાંથી ડહોળું

● અનુસંધાન પાન-૭ પર

પૂતળા દહનના અલગ-અલગ લોકેશન આપીને બે કલાક બુદ્ધીપૂર્વક પોલીસને ફેરવી...!

પોલીસને ગુંચવીને કોંગ્રેસ દ્વારા મોદીનું બબ્બે વાર પુતળા દહન

બેઠક બાદ રેલી સ્વરૂપે કૂચ કરતાં ૪૧ કોંગી કાર્યકરો-આગેવાનો ઘ-૫ થી ડીટેઈન : પૂતળાનું દહન કરનાર કાર્યકરોના ટોળા સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૫

અલગ લોકેશન પોલીસને આપીને સામે પોલીસે ગુનો દાખલ કરી ધરપકડ

શહેર-જિલ્લા કોંગ્રેસ દ્વારા નરેન્દ્ર મોદીના પૂતળા દહનના કાર્યક્રમની જાહેરાત આપ્યા બાદ જિલ્લા પોલીસ દોડતી થઈ ગઈ હતી. જિલ્લાભરની પોલીસ શહેરમાં ખડકી દેવાતા કોંગ્રેસના આગેવાનોએ બપોરે બે કલાક સુધી પૂતળા દહનના અલગ-અલગ લોકેશન પોલીસને આપીને ફેરવ્યા બાદ બબ્બે સ્થળોએ મોદીના પૂતળાનું દહન કર્યું હતું. કોંગ્રેસની ઓફીસ સે. ૨૨ થી રેલી સ્વરૂપે કાર્યકરોએ કુચ કરતાં ૪૧ આગેવાનો-કાર્યકરોને પોલીસે ડીટેઈન કરી લીધા હતા. જ્યારે પૂતળાદહન કરવા બદલ કોંગ્રેસના આગેવાનો-કાર્યકરોના ટોળા સામે પોલીસે ગુનો દાખલ કરી ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.

ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ દ્વારા બપોરના અરસામાં સે. ૨૨ કોંગ્રેસ કાર્યાલય ખાતે તાકીદની બેઠક બોલાવવામાં આવી હતી. બેઠક બાદ મુખ્યમંત્રીના પુતળા દહનનો કાર્યક્રમ હોવાની જાહેરાત થતા જિલ્લા પોલીસ વડા સહીત જિલ્લાભરની પોલીસ શહેરમાં તૈનાત કરી દેવામાં આવી હતી. પુતળા દહન

ગાંધીનગરને ૧૩ નવી બસોની ફાળવણી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર એસ.ટી. ડેપોને આજે નવી ૧૩ બસો ફાળવવામાં આવી હતી. આ નવી બસો ટૂંકમાં જ અમદાવાદ-ગાંધીનગર રૂટમાં દોડતી થશે. જયારે આગામી ભાદરવી પૂનમના મેળામાં પણ પદયાત્રીઓ માટે રૂટની બસો ફાળવવામાં ડેપોને વધુ સાનુકૂળતા રહેશે.

એસ.ટી. ડેપોને મોડેલ ડેપો બનાવવા કવાયત હાથ ધરવામાં આવી છે. અગાઉ એસ.ટી. ડેપોને ૩ બાય ૩ની નવી ડીઝલ બસો ફાળવવામાં આવી હતી જયારે આ નવી બસો પોઈન્ટની બસ સેવાના રૂટમાં ઉપયોગમાં લેવામાં આવે છે. ડેપોમાં તબક્કવાર નવી બસો મુકવામાં આવે છે. જયારે મુસાફરોને લગતી સુવિધા ઉભી કરવામાં આવી રહી છે. ડેપોને તબક્કાવાર નવી બસો ફાળવવામાં આવી રહી છે. જેના પરિણામે સરકારી કાર્યક્રમો ઉપરાંત લગ્નવર્ધી તેમજ ભાદરવી પૂનમના મેળા સહિતના ધાર્મિક કાર્યક્રમોમાં પણ બસની ફાળવણી કરવાનું કામ ડેપો માટે સરળ બનશે. આજે ડેપોને નવી ૧૩ બસો ફાળવવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ આ નવી બસો ગાંધીનગર-અમદાવાદ રૂટ વચ્ચે દોડાવાશે. આગામી મહિનાના અંત સુધીમાં ગાંધીનગર ડેપોને અન્ય નવી બસો ફાળવવામાં આવશે. આ ઉપરાંત ડેપો સંકુલને મોડેલ બનાવવા

● અનુસંધાન પાન-૭ પર

ખૂણે... ...ખાંચરેથી

- આજથી મતદારયાદી સુધારણાનો કાર્યક્રમ શરૂ થઈ રહ્યો છે.
- ગાંધીનગર મહાનગરપાલિકાને વેરા વસુલાત પેટે સરેરાશ રોજની ૧૩ લાખ જેટલી આવક થઈ રહી છે.
- સે. ૨૮માંથી આજે ચિકનગુનિયાનો એક કેસ મળી આવ્યો છે.
- ગાંધીનગર શહેરના જાણીતા તબીબ ડૉ. શરદ વ્યાસનું આજે ઈન્ફોસીટી કલબ ખાતે સન્માન કરવામાં આવ્યું હતું.
- સે. ૬માં રહેતા યુવા પત્રકાર સંદીપ જોશીને હિપેટાઈટીસ.ઈ જણાતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે.
- હવામાનમાં મિશ્ર વાતાવરણને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.
- ભાજપના રાષ્ટ્રીય પ્રવકતા મુખ્તાર અબ્બાસ નકવીએ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાથે એક કલાક ચર્ચાઓ કરી હતી.
- આગામી ૨જી ઓકટોબરે ગાંધી જયંતિની વહેલી પ્રભાતે કલાગુર્જરી દ્વારા 'પીડ પરાઈ જાણે રે' કાર્યક્રમમાં જાણીતા ગુજરાતી ગાયક કલાકારો ઉદય મુજમુદાર અને રેખા ત્રિવેદી ગાંધી વંદના રજૂ કરશે.
- ગાંધીનગર રોટરી કલબ દ્વારા ૨જી ઓકટોબર ગાંધી જયંતિ નિમિત્તે પ્રતિવર્ષ યોજાતી સાયકલ યાત્રા પણ આ વર્ષે ભવ્ય રીતે યોજાશે.
- સ્વાધ્યાય પરિવારના યુવાનો દ્વારા સેકટરે - સેકટરે 'ગીતાજ્ઞાન'નો સંદેશ આપતા શેરી નાટકો યોજાઈ રહ્યા છે.
- બ્રહ્મભવન ખાતે યોજાનારા ગણેશોત્સવ દરમિયાનની વિવિધ સ્પર્ધાના ઓડીશનમાં યુવક-યુવતીઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

પૂર્વ શિક્ષણ મંત્રી નલિન ભટ્ટનો દેહ પંચમહાભૂતમાં વિલીન થયો

વડોદરા ખાતે યોજાયેલ અંતિમ સંસ્કારમાં ભાજપના અગ્રણીઓ અને વડોદરા મહાનગરના મોભીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા

ગાંધીનગર, તા. ૫

ભારતીય જનતા પક્ષના પ્રથમ શિક્ષણ મંત્રી તરીકે સેવા આપનાર શ્રી નલિન ભટ્ટનો નશ્વરદેહ આજે સાંજે ખાસ વાડી સ્મશાન ગૃહ ખાતે પંચમહાભૂતમાં વિલીન થયો હતો.

ગઈકાલે મોડી રાત્રે લાંબી માંદગી બાદ શ્રી ભટ્ટનું દુઃખદ અવસાન થયું હતું. આજે સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ અર્પવા પ્રદેશ પ્રમુખ શ્રી આર.સી. ફળદુ, ધારાસભ્યો શ્રી સૌરભ પટેલ, શ્રી જિતેન્દ્ર સુખડિયા, શ્રી ભૂપેન્દ્રસિંહ લાખાવાલા, પૂર્વમંત્રી શ્રી જયનારાયણ વ્યાસ, શ્રી કૌશિક પટેલ, શ્રી ખુમાનસિંહ વાંસિયા, સાંસદ શ્રી બાલકૃષ્ણભાઈ શુકલ, વડોદરા ભાજપના અગ્રણીઓ, કાઉન્સીલર શ્રી શબ્દશરણ બ્રહ્મભટ્ટ, મેયરશ્રી, ડે. મેયરશ્રી તેમજ વિવિધ સમાજના આગેવાનો, વેપારી અગ્રણીઓ અને કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.

નવરાત્રિનું વેકેશન ભાજપ સત્તા પર આવતાં જ જાહેર કરનાર શ્રી ભટ્ટે શિક્ષણમંત્રી તરીકે ભૂતિયા વર્ગો સામે જોરદાર ઝુંબેશ ચલાવી હતી. તેમજ પરીક્ષા શુધ્ધિકરણ અને બાળકોને તેમની ઉત્તરવહી જોવા દેવાનો મહત્વનો નિર્ણય કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

પ્રભુ મહાવીર સ્વામી જન્મ વાંચનદિન

પર્વના કાર્યો-ધાર્મિક પર્વોના કાર્યો આત્મ ચેતનાને જાગૃત કરવાના હોય છે. પણ આત્મ ચેતનાની જાગૃતિને સમજી શકે અને તે માટે પ્રયત્ન કરી શકે તેવો વર્ગ સીમિત હોય છે. છતાંય આ વર્ગની સાધના પર્વનો મહિમા ધબકતો રાખે છે. આજે પણ પર્વ પર્યુષણ ઘણાં લોકોમાં પરિવર્તન-પરિવર્ધન અને પૂર્ણતાની આહેલક જગાવે છે.

આખી યુનિવર્સિટીનું ધ્યાન સહુથી પ્રથમ નંબર વધુમાં વધુ તો દસ નંબર સુધી કોના નંબર આવે છે તે જોવાની ઉત્સુકતા હોય છે. માત્ર ૧૦ સર્વોત્તમ વિદ્યાર્થી હોય તો પણ

પર્યુષણ પર્વ
પાંચમો દિવસ

યુનિવર્સિટી ચાલે છે. આમ ધર્મક્ષેત્રમાં પણ અસામાન્ય પ્રજ્ઞાવાળા ઓછા જ હોય છે. બાકીનો વર્ગ ધીમે ધીમે મુળ લક્ષ્યને સમજે છે. પણ આવા વર્ગને નિરંતર મુળ લક્ષ્ય સાથે જોડી રાખવા તે પર્વનું આયોજન હોય છે. એટલે જ પર્યુષણના, નવરાત્રિના કે નાતાલના અથવા ૧૫મી ઓગષ્ટ અને ૨૬મી જાન્યુઆરીના રાષ્ટ્રીય પર્વમાં પણ મનોરંજન દ્વારા મનોમંથન સુધી લઈ જવાની પ્રક્રિયા છે. પર્યુષણ પર્વમાં આ એક જ દિવસ જાણે પુષ્ટ અને પવિત્ર મનોરંજનો છે. આ દિવસે તમામ ઉપાશ્રયો લગભગ નાના પડે છે. સ્વપ્ન ઉતારવાની અને પારણું ઝુલાવવાની ક્રિયામાં

● અનુસંધાન પાન-૭ પર

મતદારયાદીની સુધારણા-૨૦૧૩

મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૧૪ અંતર્ગત આપનું નામ મતદારયાદીમાં નોંધાવવા માટેની અમૂલ્ય તક....

શું આપનું નામ અને ફોટો મતદારયાદીમાં છે ?
શું આપના કુટુંબના લાયક સભ્યોના નામ મતદારયાદીમાં છે ?
શું આપ જે મતદાન મથકના વિસ્તારમાં રહો છો તે જ વિસ્તારમાં આપનું નામ છે?

આ વિગતોની ચકાસણી માટે મતદારયાદી ક્યાં જોવા મળશે ?

તા. ૬-૯-૨૦૧૩થી તા. ૫-૧૦-૨૦૧૩ સુધી મતદારયાદીનો મુસદ્દો

- કલેક્ટર કચેરી
- મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી
- મામલતદાર કચેરી
- મ્યુનિસિપલ કોર્પોરેશનની વોર્ડ કચેરી
- ગ્રામ પંચાયતની કચેરી
- મ્યુનિસિપાલિટી

મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?

- તા. ૧-૪-૨૦૧૩ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના મતદારનું નામ નોંધાવવા માટે નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજીકરવી.
- નમૂના-૬માં આપના પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે નમૂના-૭માં અરજી કવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા નમૂના-૮માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના-૮(ક)માં અરજી કરવી.

ઉપર્યુક્ત નમૂના કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાંથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો. ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ www.ceo.gujarat.gov.in પર આપ ઓનલાઈન અરજી પણ કરી શકશો.

તા. ૮/૧૫/૨૨/૨૯-૯-૨૦૧૩ના રોજ ખાસ ઝુંબેશના દિવસોએ સવારે ૯-૦૦ થી સાંજે ૬-૦૦ કલાક દરમિયાન આપના વિસ્તારના મતદાન મથકોએ પણ આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળોએ પરત આપી શકશો.

હવે SMS દ્વારા પણ વિગતો ચકાસી શકાશે

આપના મોબાઈલમાં ગુજરાત રાજ્યની કોઈપણ જગ્યાએથી epic<SPACE> આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી ફોન નંબર ૯૨૨૭૫૦૦૯૫૮ પર SMS મોકલી આપવાથી આપની મતદારયાદીમાંની વિગતો જાણી શકાશે, અને તે જ પ્રમાણે blo<SPACE>આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી SMS મોકલી આપવાથી આપવા વિસ્તારના બુથ લેવલ અધિકારીની વિગતો જાણી શકાશે.

વધુ વિગતો માટે ૧૯૫૦ નંબર ઉપર સંપર્ક કરો

યાદ રાખો

એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ હેઠળ સજાને પાત્ર ગુનો બને છે.

અરજી કરવાની તારીખ : તા. ૬-૯-૨૦૧૩ થી ૫-૧૦-૨૦૧૩ સુધી

આપની પાસે મતદાર ફોટોઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહીં હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ ચકાસી લો કે જેથી વિધાનસભાની આગામી ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે.

માહિતી/૧૧૫૪/૧૩-૧૪ - મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com